અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ

આદર્શ નિવાસી શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશ અંગેની જાહેરાત

અનુસૂચિત જાતિના ઉંચી ગુણવતા ધરાવતા વિદ્યાર્થીઓને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ સારૂ શિક્ષણ મળી શકે તે હેતુથી ગુજરાતમાં આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. નીચે દર્શાવેલ આદર્શ નિવાસી શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવવા અરજી કરવા જણાવવામાં આવે છે. આ શાળામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને શિક્ષણ, પુસ્તકો સ્ટેશનરી, ભોજન,ગણવેશ,છાત્રનિવાસ જેવી તમામ સુવિધાઓ વિનામૂલ્યે પુરી પાડવામાં આવે છે .આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ આ જાહેરાતમા દર્શાવેલ આદર્શ નિવાસી શાળા પૈકીની સબંધિત આદર્શ નિવાસી શાળાના આચાર્યને વર્ષ:-૨૦૧૬-૧૭ માટે નવા પ્રવેશ માટે ની અરજી તારીખ:-૩૧/૫/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. જેમાં નામ, સરનામું, જાતિના દાખલા, આગળા ધોરણનું ગુણપત્રક, પિતા-વાલીના વ્યવસાય વગેરે વિગતો સાથે અરજી કરવાની રહેશે. પ્રવેશ અંગેના ફોર્મ પણ સબંધિત આદર્શ નિવાસી શાળાના આચાર્યશ્રી/જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી (જિલ્લા પછાત વર્ગ કલ્યાણની કચેરી) પાસેથી પણ મળી શકશે.

(૧) આગલા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦% માર્કસ સાથે પાસ હોવા જોઇએ

(૨) અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના બાળકો, અપંગ, વિધવા, ત્યકતા બહેનોના બાળકોને અગ્રતા આપવામાં આવશે ઓછામાં ઓછા ૪૫% ગુણ હોવા જોઇએ.

(૩) આદર્શ નિવાસી શાળામાં ધોરણ-૯ તેમજ ધોરણ.૧૧ સામાન્ય/વિજ્ઞાન પ્રવાહમાં નવો પ્રવેશ આપવામાં આવે છે. ગુણવત્તા મુજબ પ્રવેશ આપવામાં આવશે.

(૪) અનુસૂચિત જાતિ/આદિજાતિ માટે આવક મર્યાદા નથી. જાયરે સામાજીક અને શૈક્ષણિક તથા આર્થિક રીતે પછાત વર્ગ માટે વાલીની આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૬૮,૦૦૦/- છે

» <u>માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સામાન્ય પ્રવાહની આદર્શ નિવાસી શાળાની યાદી:-</u>

કુમારો માટે :- (૧) અમરેલી (૨) જામનગર.

કન્યાઓ માટે :- (૧) જુનાગઢ (૨) રાજકોટ (૩) પોરબંદર (૪) અમદાવાદ (૫) ગાંધીનગર (૬) પાલનપુર (૭) વલ્લભ વિદ્યાનગર જિ.આણંદ

» <u>માધ્યમિક સામાન્ય પ્રવાહ અને ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (ગૃપ-એ) ની આદર્શ નિવાસી શાળાની યાદી:-</u>

કુમારો માટે- (૧) કેશોદ જિ.જૂનાગઢ. (૨) ભાવનગર (૩) પાલનપુર (૪) મહેસાણા (૫) મુ. ખમીસણા તા. વઢવાણ જિ. સુરેન્દ્રનગર (૬) રાજકોટ(૭) ઇડર જિ.સાબરકાંઠા (૮) સુરત (૯) ગાંધીનગર

કન્યાઓ માટે:- (૧) ભૂજ (૨) વડોદરા

નોંધ- વિજ્ઞાન પ્રવાહ ધો-૧૧ શરૂ કરવા બાબતે સંબધિત જિલ્લા નાયબ નિયામકશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

» પ્રવેશ ગુણવત્તાના ધોરણે આપવામાં આવશે. પ્રવેશ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે.

(~~કે.ડી. કામલીયા~~)
નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડા.જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજય,ગાંધીનગર